**ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ હેઠળની વિવિધ પેશગીઓ રદ કરવા બાબત.**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક:-નનમ/૧૦૨૦૦૫/૧૨૦/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૨/૦૧/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) નાણા વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએન/૭૨/એનએનએમ/૧૦૬૯/એમ, તા. ૨૩/૮/૧૯૭૧
(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:- એનએનએમ/૧૦૬૯/૫૫/ઝેડ, તા. ૪/૭/૧૯૬૯
(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:- એનએનએમ/૧૦૭૪/૧૦૫૪/ઝેડ, તા. ૧૨/૩/૧૯૭૪
(૪) નાણા વિભાગનિ ઠરાવ ક્રમાંક: -એનએનએમ/૧૦૯૮/જીઓઆઇ-૨/ઝ.૧, તા. ૧૩/૮/૧૯૯૮

**ઠરાવ:-**

સંદર્ભ(૧)માં દર્શાવેલ જાહેરનામાથી અમલમાં આવેલ ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ માં રાજ્ય સરકારના કર્મચારીઓ માટે વિવિધ પેશગીઓની જોગવાઇ કરવામાં આવેલ છે. તે ઉપરાંત સંદર્ભ(૨)માં દર્શાવેલ તા. ૪/૭/૧૯૬૯ ના ઠરાવથી પંખા પેશગી તથા સંદર્ભ(૩)માં દર્શાવેલ તા. ૧૨/૩/૧૯૭૪ના ઠરાવથી અનાજ ખરીદી માટેની પેશગીઓની જોગવાઇ કરવામાં આવેલ છે. કર્મચારીઓને આપવામાં આવતી વિવિધ પેશગીઓ પૈકી કેટલીક પેશગીઓનો કર્મચારીઓ દ્વારા ઉપયોગ કરવામાં આવતો નથી. આમ છતાં, આ પેશગીઓ માટે અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવે છે અને વર્ષના અંતે ગ્રાન્ટ સરેન્ડર કરવામાં આવે છે, જેથી ઓડીટ પારા પણ ઉપસ્થિત થાય છે. વધુમાં, સાતમા પગાર પંચનો અમલ થતાં કર્મચારીઓના પગારમાં થયેલ વધારાને ધ્યાને લેતાં કેટલીક પેશગીઓ હાલના સમયમાં અસ્થાને જણાય છે. જેથી, આવી પેશગીઓ રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્ણકની વિચારણા બાદ સરકારશ્રી દ્વારા નીચે મુજબની પેશગીઓ રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| **ક્રમ** | **રદ કરવામાં આવેલ પેશગી** | **સંબંધિત નિયમ/ઠરાવ** |
|---|---|---|
| ૧ | સાયકલ ખરીદવા માટેની પેશગી | ગુ.ના.નિ.-૧૧૩ થી ૧૧૮ |
| ૨ | પંખા ખરીદવા માટેની પેશગી | નાણા વિભાગનો તા. ૪/૭/૧૯૬૯નો સરકારી ઠરાવ નં. એનએનએમ -૧૦૬૯-૫૫-ઝેડ |

(P.T.O.)

| ક્રમ | રદ કરવામાં આવેલ પેશગી | સંબંધિત નિયમ/ઠરાવ |
|---|---|---|
| ૩ | અનાજ પેશગી | નાણા વિભાગનો તા. ૧૨/૩/૧૯૭૪નો સરકારી ઠરાવ નં. એનએનએમ-૧૦૭૪-૧૦૫૪-ઝેડ |
| ૪ | તહેવાર પેશગી | ગુ.ના.નિ.- થી ૧૨૪ થી ૧૩૦ |
| ૫ | રજા પગાર પેશગી | (ગુ.ના.નિ.- થી ૧૩૧ થી ૧૩૩) |
| ૬ | નોકરી દરમ્યાન મૃત્યુ પામેલા કર્મચારીના કુટુંબને તાત્કાલીક નાણાકીય રાહત પુરી પાડવા માટેની પેશગી | (ગુ.ના.નિ.- થી ૧૩૪ થી ૧૩૭) |
| ૭ | નોકરી દરમ્યાન મૃત્યુ પામેલ કર્મચારીના કંટુંબને વતન પ્રવાસ ખર્ચને પહોંચી વળવા માટેની પેશગી | (ગુ.ના.નિ.- થી ૧૩૮ થી ૧૪૦) |
| ૮ | બદલી વખતે આપવામાં આવતી પેશગી | (ગુ.ના.નિ.- થી ૧૪૧ થી ૧૪૩) |
| ૯ | પ્રવાસ ભથ્થા પેશગી | (ગુ.ના.નિ.- થી ૧૪૪ થી ૧૪૬) |
| ૧૦ | ખાતાકીય હેતુઓ માટે પેશગી | (ગુ.ના.નિ.- થી ૧૪૮ થી ૧૫૦) |

આ પેશગીઓ સંદર્ભે ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧માં જાહેરનામા દ્વારા અલગથી સુધારો કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે. પટેલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
* માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
* સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
* માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા

---

*પત્ર દ્વારા